| Publication: Divya Bhaskar | Edition: Print |
|---|---|
| Date: Feb 9, 2026 | Page: 11 |

દિવ્ય ભાસ્કર

# એન્ડોમેન્ટ પ્લાનને તાત્કાલિક રીતે આધુનિક બનાવવાની જરૂર



ઈન્સ્યોરન્સ અપડેટ

કમલેશ રાવ

આજના સમયમાં ફાયનાન્શિયલ માર્કેટમાં અગાઉ ક્યારેય ન જોવા મળ્યા હોય તેવા વ્યાપક પ્રમાણમાં વિકલ્પ જોવા મળે છે. નાના રોકાણકારો એટલે કે રિટેલ ઈન્વેસ્ટર્સ ફક્ત કેટલીક જ ક્લિકમાં ઈક્વિટીઝ, કોમોડિટીઝ, મ્યુચ્યુઅલ ફંડ, બોન્ડ તથા ગ્લોબલ ફંડ્સમાં પણ તેમની બચતોની યોગ્ય ફાળવણી સાથે રોકાણ કરી શકે છે. આ વ્યાપક વિકલ્પોની સાથે-સાથે જે અસ્થિરતાના અનુભવ સાથે જે પરિવર્તન થયું છે તેને ધ્યાનમાં રાખી પારિવારીક જોખમને કેવી રીતે જોવામાં આવે છે.તાજેતરના વર્ષોમાં જે ભૂ-રાજકિય ઘટના સર્જાઈ છે, મોંઘવારીનું ચક્ર અને કરન્સીમાં ભારે ઉથલ-પાથલ સાથે સંકળાયેલ માર્કેટમાં ભારે અફરા-તફરીની અનિશ્ચિતતાને ક્યારેક-ક્યારેક સર્જાતા ઘટનાક્રમો હવે સામાન્ય બની ગઈ છે. રોકાણકાર હજુ પણ ગ્રોથ ઈચ્છે છે, જોકે હવે એ વાત પર વિશેષ ધ્યાનમાં રાખવામાં આવી રહી છે કે તે ક્યાં અનિશ્ચિતતા સ્વીકારશે અને ક્યાં નહીં. શિક્ષણ સંબંધિત ખર્ચ, રિટાયરમેન્ટ ઈન્કમ અથવા પરિવારની સુરક્ષા જેવા નિયત સમય મર્યાદા ધરાવતી ફાયનાન્શિયલ જરૂરિયાતો માટે ભારે વધઘટને લગતી તકોને બદલે મોટાભાગે એક જવાબદારી તરીકે જોવામાં આવી રહેલ છે.

## આગામી પેઢીને ડિઝાઈન કરવી

ઈનોવેશન એ નક્કી કરશે કે નવા યુગના પોર્ટફોલિયોમાં એન્ડોમેન્ટ પ્લાન કેટલો લાભદાયક બનશે. રોકાણકાર એવી પ્રોડક્ટ ઈચ્છે છે કે જે શરૂઆતથી સમજવામાં સરળતા રહે, જેમાં લાભ સ્પષ્ટપણે દર્શાવેલ હોય અને ડિજિટલ ઓનબોર્ડિંગ પણ સરળ હોય. પ્રાથમિકતા સ્પષ્ટતા છે, જેથી કસ્ટમર્સને માલુમ થઈ શકે કે પ્લાન શું આપશે, કેટલા સમય સુધી આપશે અને જો સ્થિતિ બદલાય છે તો પ્રોટેક્શન કેવી રીતે લાગૂ થશે.

ગ્રાહકોની પ્રાથમિકતાઓમાં પણ વ્યાપક પ્રમાણમાં પરિવર્તન આવી રહ્યું છે. અનેક પરિવાર એવા ઉત્પાદનોને પસંદ કરે છે કે જે જરૂરી અંદાજની સ્થિતિને ખતમ કરી દે. અંદાજીત પરિણામો, શિસ્તબદ્ધ બચત તથા ફાયદા અંગે સ્પષ્ટતા ઈચ્છે છે. આ પ્રાથમિકતા વધી રહેલી સમજને દર્શાવે છે કે લાંબા સમયની સફળતા ફક્ત વળતર પર જ નહીં પણ કેશ ફ્લોના ક્રમ તથા સમય પર પણ નિર્ભર કરે છે.

**ભારે અફરા-તફરીભર્યાં વિશ્વમાં સ્થિર વળતર**-તાજેતરના ડેટાથી જાણવા મળ્યું છે કે સ્થિરતા માટે આ પ્રેફરન્સને ગંભીરતાથી લેવા જોઈએ. ભારતના આર્થિક સર્વે 2025 પ્રમાણે નાણાકીય વર્ષ 2024માં કુલ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ 7.7% વધી રૂપિયા 11.2 લાખ કરોડ થઈ ગયું છે, જેમાંથી લાઈફ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ રૂપિયા 8.3 લાખ કરોડ હતું. **(લેખક- આદિત્ય બિરલા સન લાઈફ ઈન્શ્યોરન્સ, MD & CEO)**

**Title: Endowment Plans needs to be modernized immediately**